For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### કામગીરીના અભાવે રોડ-રસ્તા ઉપર પાણીની રેલમછેલ

# 24 કલાક બાદ પણ દિવાળીપુરામાં પાણીની લાઈનના ભંગાણનું સમારકામ ન થયું

**પસાર** થતા અનેક વાહનચાલકોને મુશ્કેલી વેઠવી પડી

(પ્રતિનિધિ ) વડોદરા તા.24

એક તરફ વડોદરામાં લોકો પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે તો બીજી તરફ પીવાના પાણીની લાઈનોમાં ભંગાણ પડતા હજારો લિટર પાણીનો વેડફાટ થવા પામ્યો છે. જ્યારે સમારકામગીરી કરવામાં નહિ આવતા વાહનચાલકોને મુશ્કેલી પડી હતી.

સ્માર્ટ સિટી વડોદરા ના સ્માર્ટ શાસકોના પાપે નગરજનો છેલ્લા ઘણા સમયથી પીવાના પાણી માટે વલખા મારી રહ્યા છે. તો પાલિકાના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરોની મીલી ભગત ના કારણે લોકોને છાસવારે હાલાકી વેઠવી પડતી હોય છે. ઉનાળાની શરૂઆત એ પીવાના પાણીની બુમરાણો ઉઠી હતી. જે આજે પણ યથાવત જોવા મળી



છે. તો બીજી તરફ શહેરના વિવિધ વિસ્તારોમાં પીવાના પાણીની લાઈનોમાં ભંગાણ પડતા હજારો લિટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. ત્યારે ગતરાત્રીએ ટાઈમ સર્કલ પાસે પણ પીવાના પાણીની લાઈનમાં ભંગાણ પડતાં રોડ ઉપર હજારો પાણીનો વેડફાટ થયો હતો. જેના કારણે પસાર થતા વાહન ચાલકોને પણ હાલાકી વેઠવી પડી હતી. નોંધનીય છે કે યોગ્ય સમારકામ નહીં થતા પરિસ્થિતિ યથાવત જોવા મળી હતી.

### કારેલીબાગ ટાંકીમાંથી જ પાણીનો વેડફાટ

સ્માર્ટ સિટી તરીકે ઓળખાતા શહેરના કારેલીબાગમાં ભરઉનાળે નદીઓ વહી રહી છે. ભૂલકાંઓ પાણીમાં રમતા જોવા મળ્યા છે, આ જોઈને કારેલીબાગના પુરવઠા વિભાગના અધિકારીઓ ઘોર નિંદ્રામાં દેખાઈ રહ્યાં છે. કાળઝાળ ગરમીમાં હજારો લિટર પાણીનો વેડફાટ થતાં રહેવાસીઓ રોષે ભરાયાં છે. એક બાજુ પાણી બચાવોની



મોટી મોટી વાતો અને જાહેરાતો પાછળ લાખો રૂપિયાનો બગાડ રાજ્ય સરકાર કરે છે. બીજી બાજુ લોકોને પીવાનું પાણી મળી રહ્યું નથી. પુરવઠા અધિકારીની સામે પાણીની ટાંકીમાંથી પાણી વહી રહ્યું છે. નાગરિકોને પીવાનું પૂરતું પાણી આપી ન શકનાર સત્તાધીશો સામે પર નાગરિકોએ રોષ ઠાલવ્યો હતો.

### જુનિયર ક્લાર્ક સહિતના કેડરની પરીક્ષા અંગેનો નિર્ણય લેવાયો

# ગૌણ સેવા મંડળ પરીક્ષા 20 મે સુધી પૂર્ણ કરવા આયોજન

**લોકસભા** ચૂંટણીને કારણે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે પરીક્ષા મોકૂફ રાખી હતી

(પ્રતિનિધિ) વડોદરા તા.24

ચૂંટણીને કારણે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે પરીક્ષા મોકૂફ રાખી હતી. તા. 20, 21,27 અને 28 એપ્રિલ તથા 4 અને 5 મે ના રોજ લેવાનારી પરીક્ષા સ્થગિત કરવામાં આવી હતી. જે હવે તારીખ 11 અથવા 13 મી મે થી લઈને 20 મી મે સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન થઈ રહ્યું છે.

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા લેવામાં આવનાર વર્ગ-3ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા અંતર્ગત કુલ 5554 જગ્યાઓ સીધી ભરતી ભરવા માટે સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા અંગેના કાર્યક્રમમાં ફેરફાર પણ કરવામાં આવ્યો છે. ગૌણ સેવા પસંદગી મંડળ એડ નંબર 212 ની મુલતવી રહેલી પરીક્ષા તારીખ 11 અથવા 13મી મે થી લઈને 20મી મે સુધીમાં પૂરી કરવામાં આવી શકે છે. અત્યાર સુધી 2,88,000 ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. તારીખ 8 અને 9 વધુ 60000 ઉમેદવારો પરીક્ષા આપશે.

કુલ 5,19,000 માં બાકી રહેલા ઉમેદવારો 20 મી એપ્રિલ સુધીમાં પરીક્ષા આપશે. આવતા અઠવાડિયામાં નવી તારીખોનું એલાન થશે. મંડળ દ્વારા એવું વધુ અપડેટ આપવામાં આવ્યું છે કે અત્યાર સુધી લેવાયેલી પરીક્ષા યથાવત રહેશે. મતદાન દિવસ બાદની પરીક્ષાઓ પણ યથાવત રહેશે. મતદાન બાદ ચૂંટણી પંચની મંજૂરી લઈને સ્થગિત કરાયેલી પરીક્ષાઓ લેવાશે. હવે આ મોકૂફ કરેલી પરીક્ષાનો નવો કોલ લેટર બનાવાશે. નવી તારીખ માટે લગભગ તો ચૂંટણી પંચની મંજૂરી બાદ નવી તારીખ જાહેર કરવામાં આવશે. ગ્રુપ A અને ગ્રુપ Bના પદો પર ભરતી માટે CCE 2024 પરીક્ષા 1 એપ્રિલથી 8 મે 2024 સુધી આયોજિત કરાઈ હતી. ગૌણ સેવા પસંદગી મંડળે જુનિયર ક્લાર્ક, હેડ ક્લાર્ક, ઓફિસ આસિસ્ટન્ટ સિનિયર ક્લાર્ક સહિત આશરે 22 કેડરમાં ભરતી કરવાનો નિર્ણય લીધો છે.

આગામી 7મી મેના રોજ લોકસભાની ચૂંટણી માટે ગુજરાતમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થશે અને ત્યારબાદ પરિણામને લગભગ એક મહિનાના સમયગાળો બાકી રહેશે તે દરમિયાન આ પરીક્ષાઓ લેવાઈ જાય તેવું આયોજન કરવામાં આવ્યું છે.

### જેણે ખુરશી આપી તેની સામે જ ભાજપ ભડક્યું ..

# ભાજપના કાર્યકરોની દુકાનદાર સામે દાદાગીરી : વેપારીને દંડ કરાવ્યો

**એક કાર્યકરે** દુકાન બંધ કરાવવાની ધમકી આપી, પાલિકાએ 2 હજારનો દંડ ફટકાર્યો



(પ્રતિનિધિ) વડોદરા, તા. 24

વડોદરામાં વોર્ડ નંબર 10ના ભાજપના બે કાર્યકરોની દાદાગીરી સામે આવી છે તેઓને દાદાગીરી નો વિડીયો સીસીટીવી કેમેરામાં કેદ થયો છે જેમાં એક કાર્યકર દુકાન બંધ કરાવી દેવાની ધમકી આપે છે.

ખુરશી મળતાની સાથે જ ભલભલા નેતાઓ પ્રજાને ભૂલી જતા હોય છે અને સત્તામાં મદમસ્ત થઈ જતા હોય છે. આવો જ એક કિસ્સો વડોદરામાં પણ સામે આવ્યો છે. જેમાં જેને ખુરશી આપી તે દુકાનદારની સામે જ ભાજપના બે કાયર્કરો ભડકી ગયા. લોકસભાની ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા ફેરણી કાઢવામાં આવી રહી છે દરમિયાન વોર્ડ નંબર 10 માં એક દુકાનદાર સામે ભાજપના બે કાર્યકર્તાઓ દાદાગીરી કરતા હોવાનો વિડીયો સામે આવ્યો છે. આ બંને કાર્યકરોએ પાનના સંચાલક પાસે ખુરશી માંગી હતી.

દુકાનદારે ખુરશી આપી હતી તેમ છતાં બંને કાર્યકરો ઉશ્કેરાઈ ગયા હતા અને દુકાનદાર સાથે બોલાચાલી કરી હતી આ બંને કાર્યકરો ના નામ બ્રિજેશ કાપડિયા અને વિક્રમ હોવાનું બહાર આવ્યું છે આ પૈકી વિક્રમ દુકાનદારને દુકાન બંધ કરાવી દેવાની ધમકી આપતો હોવાનું પણ વીડિયોમાં જોવા મળી રહ્યું છે જોકે આ તમામ બાબતમાં વોર્ડ નંબર 10 ના કોર્પોરેટર મુક પ્રેક્ષક બનીને ઊભા રહ્યા હતા. આશ્ચર્યની વાત તો એ છે કે આ ઘટના બાદ પાલિકાએ પણ દુકાનદાર સામે દંડનીય કાર્યવાહી કરી બે હજારનો દંડ ફટકાર્યો હતો.

# સેન્ટ્રલ જેલમાં સજા કાપતી 65 વર્ષીય વૃદ્ધનું મોત

(પ્રતિનિધિ) વડોદરા તા.24

સેન્ટ્રલ જેલમાં કાચા કામના કેદી તરીકે સજા ભોગવી રહેલા 65 વર્ષીય અજય કુમાર શર્મા અનેક બીમારીઓથી પીડાતા હતા જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

બે મહિના અગાઉ પોકસોના ગુનામાં કાચા કામના કેદી તરીકે સજા ભોગવી રહેલા 65 વર્ષીય અજય કુમાર શર્મા ડાયાબિટીસ સહિતની અન્ય બીમારીઓથી જજુમી રહ્યા હતા. જેલમાં દસ દિવસ રહ્યા બાદ તેમની તબિયતના દુરસ્ત થતા આખરે તેઓને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

બાદમાં તેને વધુ સારવાર અર્થે હોસ્પિટલમાં લઈ આવતા તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું તેઓ છેલ્લા બે મહિનાથી સારવાર હેઠળ જ હોસ્પિટલમાં દાખલ હતા. આજે તેમનું મોતની સ્પષ્ટતા સમગ્ર પરિવારમાં શોકનો માહોલ જોવા મળ્યો હતો.

### પોલીસે કાછિયાપોળમાં મકાનના બીજા માળે ચાલતા જુગાર પર રેડ કરી

# મહાનગરપાલિકાનાસેનેટરીસુપરવાઈઝર સહિત જુગાર રમતા 6 શખ્સો ઝડપાયા



કંચન સોલંકી : સુપરવાઈઝર | વિક્કી મહેતા | નીતિન મિસ્ત્રી | મહેશ સુથાર | યતીન દરજી | ધર્મેશ ગોહિલ

**અંગજડતી,** દાવ પરની રોકડ અને 6 મોબાઇલ સાથે 85 હજારનો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધિ) વડોદરા તા.24

વડોદરા શહેરના રાવપુરા વિસ્તારમાં આવેલી કાછિયાપોળમાં મકાનના બીજા માળે પર જુગાર રમતા કોર્પોરેશનના કર્મચારી 6 ખેલીઓને ઝડપી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પર લાગેલી રોકડ રકમ અને 6 મોબાઈલ સહિત રૂ. 85 હજારનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આગામી લોકસભાની ચૂંટણીને લઈને પોલીસ દ્વારા વાહન ચેકિંગ અને પેટ્રોલિંગ સઘન કરીતે કરાઈ રહ્યું છે. જેને લઈે રાવપુરા વિસ્તારમાં પોલીસ સ્ટેશની ટીમ મંગળવારે પેટ્રોલિંગમાં ફરી રહી હતી. તે દરમિયાન ફરતા ફરતા પોલીસની માણસો દાંડિયાબજાર ચાર રસ્તા પાસે આવતા બાતમી મળી હતી કે રાવપુરાના પિરામિતાર રોડ પર આવેલી કાછીયાપોળમાં રહેતો નિતિન ઉર્ફે ટીનો મિસ્ત્રી પોતાના મકાનના બીજા માળ પર મકાનમાં જુગાર રમાડી રહ્યો છે.રાવપુરા પોલીસની ટીમે બાતમીના આધારે મકાનમાં બીજા માળ પર દરોડો પાડ્યો હતો. જેમાં જુગાર રમી રહેલા 6 જુગારીઓ નિતીન ઉર્ફે ટીનો મિસ્ત્રી, મહેશ નથ્થુ સુથાર, કોર્પોરેશનની સેનેટરી શાખામાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતો કર્મચારી કંચન ઉર્ફે ભુરા સોલંકી, યતીન મનહર દરજી, વિક્કી પ્રાગજી મહેતા અને ધર્મેશ ઉર્ફે ઘેટો રમેશ ગોહિલને ઝડપી પાડ્યા હતા. પોલીસ દ્વારા જુગારીઓમાં અંગજડતી તથા દાવ પર લાગેલા રોકડા રૂપિયા મળી રૂ 52 હજાર એ 6 મોબાઈલ રૂ. 34 હજાર સાથે રૂ. 85 હજારનો મુદ્દામાલ કબજે કરાયો હતો.

# બોર્ડની પરીક્ષાના પરિણામો આગામી સપ્તાહમાં જાહેર થવાની શક્યતા

**ધો.10નું** પરિણામ સંભવત: 29 એપ્રિલે જાહેર થશે

**લોકસભા** ચૂંટણીને ધ્યાનમાં રાખીને આન્સર શીટ ચેકિંગનું કામ પણ વહેલા શરૂ કરી દેવામાં આવ્યું હતું

(પ્રતિનિધિ) વડોદરા તા.24

રાજ્યમાં હાલ લોકસભા ચૂંટણી 2024નો માહોલ છે. ત્યારે બીજી ગુજરાત બોર્ડ ધોરણ 10 અને ધોરણ 12 પરીક્ષા પરિણામ તારીખ અંગે મામલો મૂંઝવણમાં મુકાયાની ચર્ચા છે. જોકે લોકસભા ચૂંટણી પહેલા ધોરણ 10 અને ધોરણ 12 પરીક્ષાના પરિણામો જાહેર થવાની શક્યતાઓ છે. ગુજરાત બોર્ડ પરીક્ષાઓના પેપરો તપાસવાનું કામ પુરું થયું છે.

ગુજરાત બોર્ડ ધોરણ 10 અને ધોરણ 12ની પરીક્ષાના પરિણામો જાહેર કરવાની તૈયારી કરી રહ્યું છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ગુજરાત બોર્ડ એપ્રિલ મહિના છેલ્લા સપ્તાહમાં ધોરણ 10 અને 12 પરીક્ષાના પરિણામો જાહેર કરશે. જે વિદ્યાર્થીઓએ ધોરણ 10 અને ધોરણ 12 પરીક્ષા આપી છે, તેમણે પરિણામ માટે હજી થોડા દિવસ રાહ જોવી પડશે. સામાન્ય રીતે ગુજરાત બોર્ડના ધોરણ 10 અને ધોરણ 12ની પરીક્ષાના પરિણામ મે મહિનામાં જાહેર કરવામાં આવે છે. જોકે, આ વર્ષે લોકસભા ચૂંટણીનું મતદાન હોવાના કારણે બોર્ડ રિઝલ્ટ વહેલા જાહેર કરવામાં આવશે. આ વખતે લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને આન્સર શીટ ચેકિંગનું કામ પણ વહેલા શરુ કરી દેવામાં આવ્યું હતું. જેના પગલે આ વખતે 10 એપ્રિલ સુધીમાં બોર્ડના વિદ્યાર્થીઓના પેપર તપાસવાનું કામ પુરુ થઈ ગયું હતું. પેપર તપાસવાનું કામ પુર્ણ થતાં જ હવે પરિણામ બનાવવાનું કામ પણ જોરશોરથી ચાલી રહ્યું છે. જોકે ગુજરાત બોર્ડ તરફથી આગામી દિવસોમાં બોર્ડ પરિણામની તારીખ જાહેર કરવામાં આવશે.

### વારસીયા પોલીસનો સતત બીજા દિવસે સટ્ટો રમતા શખ્સો સામે સપાટો

# IPLની CSK-LSGની મેચ પર સટ્ટો રમતો વધુ એક સટોડિયો ઝડપાયો

**ઓનલાઇન** સટ્ટો રમવા આઈડી આપનાર બુકીને વોન્ટેડ જાહેર કરાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.24

આઈપીએલની મેચો શરૂ થતાં જ સટ્ટા બહારમાં તેજી આવી છે. વારસીયા પોલીસે સતત બીજા દિવસે પણ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા શખ્સો સામે સપાટો બોલાવ્યો હતો. જેમાં વારસીયામાંથી ઓનલાઇન આઈડી દ્વારા ચેન્નઈ સુપરકિંગ તથા લખનૌ સુપર જાયન્ટની મેચ પર સટ્ટો રમતા સટોડિયાને પોલીસે ઝડપી પાડ્યો હતો. જ્યારે આઈડી આપનાર બુકીને વોન્ટેડ જાહેર કર્યો હતો. સટોડિયા પાસેથી રોકડ રકમ અને મોબાઈલ મળી રૂ. 28 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે.

હાલમાં ચાલી રહેલી આઈપીએલ ક્રિકેટ મેચ પર બુકીઓ તથા સટોડિયાઓ કરોડોનો સટ્ટો રમી રહ્યા



છે. જેથી પોલીસ આવા બુકીઓ તથા સટોડિયાઓ પર સતત વોચ રાખી છે. તાજેતરમાં સંગમ ચાર રસ્તા પાસેથી એક સટોડિયો ઝડપાયો હતો. વારસીયા પોલીસની ટીમ 23 એપ્રિલના રાતના સમયે પેટ્રોલિંગમાં હતી અને ફરતા ફરતા લીલીશાહ હોલની સામે આવેલી ગ્રાઉન્ડ પાસે આવતા બાતમી મળી હતી કે ન્યુ કલ્યાણી હોલ ધોબીતળાવ પાસે આવેલા બહાર રોડ પર બેસી એક શખ્સ હિતેષ જયરામદાસ બીખાની (રહે.દેવીનારાયણ ટાવર, વારસિયા) આઈડી દ્વારા ઓનલાઈન ચાલતી ચેન્નઈ સુપરકિંગ તથા લખનૌ સુપર જાઈન્ટની મેચ પર સટ્ટો રમ છે. જેના આધારે વારસીયા પોલીસે બાતમી મુજબના સ્થળ પર પહોંચી સટ્ટો રમતા શખ્સને ઝડપી પાડ્યો હતો. કોની પાસેથી સટ્ટો રમવા માટે આઈડી લાવ્યો હતો તેની પૂછપરછ કરતા 10 હજાર રૂપિયામાં ભરત પ્રકાશ ચેલાની પાસેથી આઈડી ખરીદ કર્યું હતું. જેથી પોલીસે આઈડી ચેક કરતા બેલેન્સ, એક્સપ્રોઝ, એવેલેબલ બેલેન્સ, એક્સ પોઝર લિમિટ, મેકિસમમ લિમિટ તથા મિનિમમ લિમિટનું લિસ્ટ લખેલું હતું. જેથી હિતેશ બીખાનીની ઝડતી કરતા રોકડા 11 હજાર અને મોબાઈલ મળી 28 હજારનો મુદ્દામાલ સાથે તેની ધરપકડ કરાઈ હતી. જ્યારે આઈડી આપનાર બુકીને વોન્ટેડ જાહેર કર્યો હતો.

# વૃદ્ધ પર લોખંડની જાળી પડતા ગંભીર ઈજાને પગલે મોત

(પ્રતિનિધિ) વડોદરા તા.24

આજવા રોડના વૃદ્ધ પર ઘરની લોખડની જાળી પડતા ગંભીર ઈજાને પગલે મોત નીપજ્યું હતું. આજવા રોડ પાંજરાપોળમાં રહેતા ૬૫ વર્ષીય ચીમનભાઈ તડવી ગત નારોજ ઘરની લોખંડની જાળી ખોલવા જતા તે જાળીનો સ્ક્રુ ઢીલો હોવાથી તેમના પર જ પડી હતી. અચાનક ભારે લોખંડની જાળી તેમના પર પડતા તેઓ ગભરાઈ ગયા હતા. સાથે જ તેમને ગંભીર ઈજા પણ પહોચી હતી. જેથી તેઓને તાત્કાલીક સારવાર માટે એમ્બ્યુલન્સ મારફતે સયાજી હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેઓને કાનમાંથી પણ લોહી નીકળવા લાગ્યું હતું. જેથી તબીબો દ્વારા સારવાર શરુ કરવામાં આવી હતી પરંતુ તેઓનું સારવાર દરમ્યાન જ મોત નીપજ્યું હતું. અચાનક ઘરના વડીલે વિદાઈ લેતા સમગ્ર પરિવારમાં શોકનો માહોલ જોવા મળ્યો હતો. જોકે આ બનાવ અંગે તપાસ હાથ ધરવા કપુરાઈ પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી હતી.

# ભંડારામાં પ્રસાદ લેવા ગયેલી મહિલાના ગળામાંથી ગઠિયાએ ચેઈન સરકાવી

**આધેડ** મહિલા મહિલા વૃંદાવન ચાર રસ્તા પાસેના હનુમાન મંદિરે દર્શન કરવા ગયા હતા

(પ્રતિનિધિ) વડોદરા તા.24

હનુમાન જન્મોત્સવના ભંડારામાં અછોડાતોડ ટોળકી સક્રિય થઈ હતી અને પ્રસાદ લેવા આવેલી એક મહિલાના ગળામાંથી સોનાની ચેઈન સરકાવી લીધી હતી. ડભોઈ વાઘોડિયા રોડ પર રહેતી આધેડ મહિલાના વૃંદાવન ચાર રસ્તા પાસે હનુમાનજીની મંદિરે ભંડારો હોવાથી જમવા માટે ગઈ હતી. પરંતુ ત્યાં મોટીમાત્રામાં ભક્તો પ્રસાદી લેવા માટે આવ્યો હોય ભારે ભીડ હતી ત્યારે ગઠિયાએ ભીડનો લાભ લઈ મહિલાના ગળામાંથી દોઢેક તોલાની સોનાની પેન્ડલ સાથેની 40 હજારની ચેઈન સરકાવી ફરાર થઈ ગયો હતો. જેથી મહિલાએ ગઠિયા વિરુદ્ધ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વડોદરા શહેરમાં હનુમાનજી જયંતિ નિમિત્તે વિવિધ મંદિરો ખાતે ભંડારાનું આયોજન કરાયું હતું. ત્યારે ડભોઈ વાઘોડિયા રિંગ રોડ પર આવેલા શ્રીજી ટાઉનશીપમાં રહેતા પ્રવિણાબેન જયંતિભાઈ રોહિત (ઉ.વ.50) 23 એપ્રિલે હનુમાન જયંતિ હોવાથી પોતાના પરિવારના સભ્યો સાથે ઘરેથી રાત્રીના સમયે વૃંદાવન ચોર રસ્તા પાસે આવેલી શ્રી ભીડભંજન હનુમાનજી મંદિરે દર્શન કરવા ગયા હતા. ત્યારબાદ ભંડારામાં મહાપ્રસાદી લેવા માટે ઉભા હતા. પરંતુ ત્યાં મોટી સંખ્યામાં હનુમાન ભક્ત સહિતના લોકો પ્રસાદી લેવા આવ્યા હોવાથી ભારે ભીડ હતી.

દરમિયાન આ ભીડનો લાભ લેવા માટે ગઠિયાઓ પણ ઘુસી આવ્યા હતા. જેમાંથી એક ગઠિયાએ આધેડ મહિલાના ગળામાં પહેરેલી દોઢેક તોલાની સોનાની ચેઈન પેન્ડલ સાથેની રૂ.40 હજારની ચાલાકીપૂર્વક સરકાવી લીધી હતી. મહિલા ઘરે આવ્યા બાદ સોનાની ચેન ગળામાં નહી જણાતા તેઓએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### એસી સહિતની સમસ્યા મુદ્દે વિદ્યાર્થીઓનો હોબાળો

# MSUની હંસા મહેતા લાયબ્રેરીનું એસી ચાલુ કરવા હવે વીસી અથવા રજિસ્ટ્રારની મંજૂરી લેવી પડશે

**પરીક્ષા** ટાણે લાયબ્રેરીમાં બફારા વચ્ચે વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા મજબૂર

(પ્રતિનિધિ) વડોદરા તા.24

હાલ પડી રહેલી કાળઝાળ ગરમીમાં એસી કાર્યરત નહીં હોવાથી વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલી પડી રહી છે. હાલ દિવસેને દિવસે ગરમી નો પારો વધી રહ્યો છે. જેથી હંસા મહેતા લાઈબ્રેરીમાં અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓને બફારા ભરી પરિસ્થિતિમાં અભ્યાસ પ્રવૃત્તિ કરવાની ફરજ પડી રહી છે. હંસા મહેતા લાઈબ્રેરીમાં એસી બંધ હોવાની સમસ્યા છેલ્લા ઘણા સમયથી છે. જે અંગે વારંવાર રજૂઆત કરવા છતાં પણ આ સમસ્યાનો કોઈ ઉકેલ આવ્યો નથી. આ ઉપરાંત હંસા મહેતા લાઈબ્રેરી ખાતે બારીઓના કાચ તૂટી ગયેલા છે અને પીવાના પાણીની પણ સમસ્યા છે. ત્યારે આ સમસ્યાથી ત્રસ્ત વિદ્યાર્થીઓએ હંસા મહેતા લાઈબ્રેરી ખાતે લાઈબ્રેરીયન પ્રો. મયંક ત્રિવેદી સમક્ષ રજૂઆત કરી હોબાળો મચાવ્યો હતો અને એસી કાર્યરત કરવાની માંગણી કરી હતી. વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, યુનિવર્સિટીની સૌથી મોટી કહેવાતી લાઈબ્રેરી હંસા મહેતા લાયબ્રેરીમાં ઘણા બધા વિદ્યાર્થીઓ અહીં



વાંચવા માટે આવે છે. લાયબ્રેરી કાર્ડના પણ અહીંયા પૈસા લેવામાં આવે છે અને એ પૈસાની સામે સુવિધા આપવામાં આવે છે. પરંતુ હાલ ગરમીનું તાપમાન ખૂબ વધી ગયું છે. સખત ગરમી પડી રહી છે. જેના કારણે લાયબ્રેરીની અંદર વિદ્યાર્થીઓ વાંચી રહ્યા છે, તેઓનો ગરમીના કારણે અભ્યાસ બગડી રહ્યો છે. જેથી લાઈબ્રેરીયનને રજૂઆત કરવામાં આવી હતી કે છેલ્લા ઘણા સમયથી લાઈબ્રેરીનું એસી બંધ છે. એસી લાગેલા છે પણ ચાલુ કરતા નથી. રજૂઆત કરવા ગયા ત્યારે લાઈબ્રેરીયન પોતાની જિમ્મેદારીથી છટકી જતા હોય તેવું લાગી રહ્યું છે. એવું કહેવામાં આવે છે કે આ મારી ઓથોરિટીમાં નથી આવતું. એસી ચાલુ કરવાની પરવાનગી જો રજીસ્ટ્રાર આપે વીસી આપે તો અમે એસી ચાલુ કરીશું તેઓ જવાબ આપ્યો હતો. જોકે લાઈબ્રેરીયન પ્રોફેસર મયંક ત્રિવેદી આ સંદર્ભે તેઓ કશું નહીં કરી શકતા હોવાની લાચારી વ્યક્ત કરી હતી અને વિદ્યાર્થીઓને ચાન્સેલર સમક્ષ રજૂઆત કરવાની સલાહ આપી હતી.

# યુવતિને હેરાન કરતા યુવક સામે અભયમની મદદ લેવાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા24

સાવલી ખાતે રહેતી યુવતીએ અભયમને કોલ કરીને જણાવ્યું હતું કે, “ હું એક અનાથ છું અને મને મારા મામા મામી એ મને મોટી કરી છે. અને હું 8 ધોરણ સુધી અભ્યાસ કર્યો છે. ત્યારબાદ મારા માસીએ મારું લગ્ન નક્કી છે. અગાઉ જે છોકરા સાથે સગાઈ થઈ હતી તે મને વોટ્સઅપ પર મેસેજ કરીને હેરાન કરે છે અને તે મારા સગા સંબંધીઓને સોશિયલ મીડિયાના માધ્યમથી મારા ફોટા મોકલે છે. મારી બીજી થયેલી સગાઈ તોડવા માટે દબાણ કરીને ધાકધમકી આપે છે.” તેવું જણાવતા અભયમ ટીમે યુવકને મળીને સમજાવતાં તેને હેરાન નહીં કરવાની બાહેધરી આપી હતી.

### આજે તેની વધુ પુછપરછ માટે કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માગણી કરાશે

# પૂર્વ ક્રિકેટર તુષાર આરોઠેના ઠગ પુત્ર રિષીને રાવપુરા પોલીસને સોંપાયો

**વલસાડ** અને રાજકોટમાં પણ રીષીએ લોકોને કરોડોનો ચૂનો ચોપડ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા24

વડોદરા શહેરમાં રહેતા પૂર્વ ક્રિકેટર તુષાર આરોઠેના પુત્ર રીષી આરોઠે ઘણા લોકોને વિવિધ પ્રકારની લાલચ આપીને કરોડો રૂપિયાનો ચુનો ચોપડ્યો હતો. ત્યારબાદ વડોદરા છોડીને ફરાર થઇ ગયો હતો. દરમિયાન તેણે સારંગપુર મંદિરના સીએને વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ દાતાઓ તરફથી આવેલા અંદાજે બે કરોડ ઉપરાંતના રૂપિયા સીએએ તેને આપ્યા હતા. પરંતુ તેણે આ રૂપિયા પર દાનત બગાડી તેમાંથી 1.39 કરોડ તેના પિતાને દેવુ વધી ગયું હોય પ્રતાપગંજના ઘરે આંગડિયા મારફતે મોકલી આપ્યા હતા. જેની બાતમીના આધારે એસઓજીએ મસમોટી રકમ સાથે તુષાર આરોઠે સહિત ત્રણ જણાને ઝડપી પાડ્યા હતા. ત્યારબાદ રીષીને પણ થાણેની એક હોટલમાંથી દબોચ્યો હતો. તેની સામે માંજલપુર તથા રાવપુરા પોલીસના ગુનામાં વોન્ટેડ હોય પહેલા માંજલપુરમાં સોંપાયો હતો. તેઓએ તેના એક દિવસના રિમાન્ડ બાદ કસ્ટડીમાં મોકલી આપ્યો હતો. દરમિયાન તેણે બેલ લઈને છુટી ફરાર થઈ ગયો હતો. દરમિયાન રીષીએ વલસાડમાં યુવકને રણજીટ્રોફી મેચ રમાડવાના બહાને પણ 75 લખ પડાવ્યા હતા. તેમજ રાજકોટમાં ઈન્ડિયા પાકિસ્તાનની મેચના ટિકિટ માટે 21 લાખ ખંખેરી લીધા હોવાનું જાણવા મળ્યુ છે. જેથી એસઓજી દ્વારા ઠગ આરોપી રીષીને આગળની કાર્યવાહી માટે રાવપુરા પોલીસને સોંપાયો છે. ત્યારબાદ વલસાડ તથા રાજકોટ પોલીસને પણ કાર્યવાહી માટે સુપરત કરવામાં આવશે.